ગોલોકવાસી ગોસ્વામિશ્રી.

દેવકીનંદનાચાર્યનું સંક્ષિપ્ત

જીવન ચરિત્ર

અને

શોકોદ્‌ગાર.

યોજક અને પ્રકાશક.

મોતિલાલ છોટાલાલ વ્યાસ ઉમરેઠવાળા

અમદાવાદ—"મહીકાંઠા ગેઝેટ પ્રીન્ટીંગ પ્રેસ" માં

વ્યાસ મોતિલાલ છોટાલાલે છાપ્યું.

આવૃતિ પ્રથમ　　　　પ્રત ૩૦૦૦

સંવત ૧૯૬૯　　　　સને ૧૯૧૩

ન્યોછાવર એક આનો.

ટોપીયો

હમોએ હમારા નામની ક્રીસ્ટી તેમજ ઈ-
ટાલીયન બેંગલોર ટોપીયો નવી સ્ટાઈલ પ્રમાણે
ખાસ મંગાવી છે અને તે અમદાવાદમાં એકે
અવાજે વખણાય છે તો બેંગલોર ટોપીયો
લેતાં પહેલાં હમારી દુકાનની મુલાકાત લેવા
વીનંતી છે તેથી સચાઈની ખાત્રી થશે તેમજ
હમારે ત્યાં સ્ટેશનરી હોજીયરી પરફયુમરી કટલરી
વીગેરે વાજબી ભાવે મળશે.

ત્રીવેદી બ્રધર્સ

રીચીરોડ રતનપોળના નાકે—અમદાવાદ.

ગોસ્વામિ શ્રી દેવકીનંદનાચાર્યજીનું

સંક્ષિપ્ત જીવનચરિત્ર.

ગોલોકવાસી મહારાજ શ્રી દેવકીનંદનાચાર્યજીનો જન્મ સંવત ૧૯૧૫ ના ચૈત્ર સુદી ૩ ને દીવસે થયો હતો. પુષ્ટી માર્ગ સંપ્રદાયની સાત ગાદીમાંની એક શ્રી ગોકુલ ચંદ્રમાજીની ગાદીના તેઓ આચાર્ય હતા. પહેલાં એ ગાદીનું મુખ્ય સ્થાન જયપુરમાં હતું, પણ મહારાજશ્રી દેવકીનંદનાચાર્યનાપિતાશ્રી ગોવિન્દપ્રભુએ જયપુરથી ગાદી ઉઠાવી શ્રી કામવનમાં સ્થાપી હતી, અને શ્રી ગોકુલચંદ્રમાજીને કામવનમાં પધરાવ્યા હતા.

મહારાજશ્રીના પિતાશ્રી ગોવિન્દપ્રભુ તે વેળાના ગોસાંઈજીનાં બાળકોમાં સારા વિદ્વાન, વિદ્યાવિલાસી, અને જ્ઞાનવિભૂતિથી યુક્ત ધર્માચાર્ય ગણાતા હતા. તેઓશ્રીએ શ્રીમન્ દેવકીનંદનાચાર્યને ઉત્તમ કેળવણીથી અલંકૃત કરવાની યથેચ્છ યોજના કરી હતી. ઉપનયન સંસ્કારનો વિધિ થયા પછી વિદ્વાન પંડિતો પાસે રાખી તેઓશ્રીને અભ્યાસ કરાવવાનું શરૂ કર્યું હતું, અને તેઓશ્રીનું મુળથીજ બુદ્ધિ ઐશ્વર્ય અલૌકિક હોવાથી ત્વરાએ ષટશાસ્ત્રનો અભ્યાસ પરિ-

પૂર્ણ કર્યો હતો. વેદાભ્યાસ, સંધ્યોપાસના ઇત્યાદિ નિત્ય-નૈમિત્તિક કર્મ-કાન્ડમાં પણ તેઓશ્રી કુશળ થયા હતા; એટલુંજ નહિ પણ "નિત્યકર્મ" એજ બ્રહ્મતેજની વૃદ્ધિ કરનાર અને બ્રાહ્મણ વ્યક્તિને માટે ખાસ અગત્યનું છે, એમ તેઓશ્રી માનતા હોવાથી સર્વદા નિયમીતપણે તેમાં પ્રેરાતા હતા. "નિત્યકર્મ" માં પંચ મહાયજ્ઞનો વીધી વર્ણવ્યો છે, તેનું યથાર્થ પ્રતિપાલન કરવામાંજ તેઓશ્રીની યાવત્પ્રવૃત્તિ રહેતી હતી.

મહારાજ શ્રી દેવકીનંદનાચાર્યે પોતાના પુજ્ય પિતાશ્રી ગોવિન્દપ્રભુ સાથે હરિદ્વાર, પ્રયાગરાજ, કાશી, ચિત્રકુટ ઇત્યાદિ પ્રદેશમાં પર્યટન કરી, પોતે પ્રાપ્ત કરેલી વિદ્વતા અને જ્ઞાનવિભવથી પ્રત્યેકનાં મન ઉપર ઉત્તમ છાપ પાડી હતી, અને વલ્લભકુળમાં આવાં ઉત્કૃષ્ટ રત્નરૂપ બાળકો અસ્તિત્વ ધરાવે છે, એમ દેખાડી આપ્યું હતું.

મહારાજ શ્રી દેવકીનંદનાચાર્યનાં પ્રથમ લગ્ન સુરતમાં તેલંગ દેશનિવાસી ભટજીની કન્યા સાથે થયાં હતાં; પણ એ વહુજી મહારાજે યુવાવસ્થામાંજ લીલા વિસ્તારી ગોલોકવાસ કર્યો હતો. આ બનાવથી મહારાજશ્રીના હૃદયગૃહમાં કાંઈક વૈરાગ ભાવનાએ સ્થાન લીધું હતું; અને તેથી તેઓ નિવૃત્તિ પરાયણ જીંદગી નિર્ગમન કરવાને ઇચ્છતા હતા; પણ તેઓશ્રીની એ ઇચ્છા યાને વિચાર પરોક્ષ રીતે તેઓ-

શ્રીના પિતાની જાણમાં આવતાં, તેમને ફરીથી લગ્ન કરવાને કેટલાક લાયક પુરૂષોદ્વારા સમજાવ્યા હતા. પણ તે વેળાએ તેઓશ્રીનું મન યોગાદિ વિદ્યામાં પ્રેરાએલું હોવાથી તેમણે લગ્ન કરવાનો સ્વીકાર કર્યો નહીં; પણ જ્યારે પુનઃ તેમના પિતાએ પોતાના અવશાન સમયે ફરીથી લગ્ન કરવાની મહારાજશ્રીને આજ્ઞા કરી, ત્યારે તે માથે ચઢાવી મદ્રાસ પ્રાંતના પ્રવાસ પ્રસંગમાં રાયનેલોર ગામના વૈજનાથ અઇયાની કન્યા શ્રીમતી ભાગીરથીબાઇ સાથે લગ્ન કર્યાં, અને એક ધર્માચાર્યની પત્નિને યોગ્ય તેમને સદ્દશિક્ષણ અપાવ્યું.

મહારાજશ્રીના પિતા ગોવિન્દપ્રભુ ગોલોકવાસી થયા પછી ગાદી સકળ વૈભવ વિભૂતિ સહિત પોતાના નાના ભાઇને સ્વાધીન કરી, પોતે બીકાનેર પધાર્યા. બીકાનેરમાં તે વખતે મહારાજા ડુંગરશી રાજ કરતા હતા. તેમણે મહારાજશ્રીને આચાર્ય તરીકેના સિંહાસને પધરાવ્યા. એમ કહેવામાં આવે છે, કે બીકાનેરના મહારાજાના આગ્રહથીજ તેમણે દક્ષિણમાં વિચરી બીજું લગ્ન કર્યું હતું. બીકાનેરના છ સુપ્રસિદ્ધ શાસ્ત્રીઓને મહારાજશ્રીએ સાથે રાખ્યા હતા, અને તેમના સહિત મુંબઇમાં પધારી ધર્મોપદેશ આપવાનો અને વ્યાખ્યાનો કરવાનો યત્ન આરંભ્યો હતો. તે વેળાએ તેઓશ્રી વિશેષે કરીને વ્યાખ્યાનો સંસ્કૃતમાંજ આપતા હતા. જાહેરમાં વ્યાખ્યાનો આપવાનો વિધિ સ્વીકારનાર એ પહેલાજ હતા, એમ કદાચ કહીએ તો ખોટું નથી.

વળી શ્રી ગોસાંઈજીનાં બાળકો સ્ત્રીઓને ચરણસ્પર્શ કરાવતા, પોતાની પાદુકા પુજાવતા, જુઠણ આપતા, અને મુખમાંનું તાંબુલ આપવા લગીની પૃથા ચલાવતા હતા; અને એ દ્વારે ભાવિક ભામીનિઓ તરફથી ઉમદા વસ્ત્રાલંકાર અને અઢળક દ્રવ્યની પ્રાપ્તિ થતી હતી. પણ એ સઘળું અનુચિત આચરણ છે—ટીકાપાત્ર થઇ પડવા જેવું અઘટીત કાર્ય છે, એમ તેઓશ્રી માનતા હોવાથી લક્ષ્મીની લેશ પણ દરકાર રાખ્યા વગર એ કૃત્યો તેમણે પોતાના તરફથી બંધ કર્યા હતાં. જો કે તે વીષે અનેક વૈષ્ણવો તરફથી તેમ અન્ય શ્રી ગોસાંઈજીનાં બાળકો તરફથી પ્રશ્નો પુછવામાં આવતા હતા; જેના તેઓ એવા પ્રત્યુત્તર આપતા હતા, કે જેથી તેમના મનનું સમાધાન થતું હતું. આવી રીતે લક્ષ્મીનો લોભ તજી દેશકાળને અનુસરતી ધર્મની આમન્યા જાળવનારી સુધારણા દાખલ કરવાનું માન મહારાજશ્રીએજ પ્રાપ્ત કર્યું છે, અને તત્ સંબંધે દર્શાવેલી નિસ્વાર્થવૃત્તિ અને ધૈર્યતાની પ્રત્યેક પ્રશંસા કરે છે.

મહારાજશ્રી દેવકીનંદનાચાર્ય તરફથી મુંબઇમાં જે વ્યાખ્યાનો અપાતાં હતાં તેમાં પંડિત ગટુલાલજી ઉત્સાહથ પધારતા હતા, અને તે પ્રસંગથીજ એ બન્ને વિદ્વાન રત્નો વચ્ચે સ્નેહગ્રંથી સુદૃઢ બંધાઇ હતી. જો કે એ કાળમાં એવા સમર્થ વિદ્વાન રત્નોના ઉદ્દભવની આવશ્યક્તા હતી, કારણકે સુધારકો પુષ્ટીમાર્ગ સામે આક્ષેપો કરી એ સંપ્રદાયને ઉતારી

પાડવાનો પ્રયત્ન કરવામાંજ પ્રવર્ત્ત થયા હતા; ચોક્સ સંજોગો પણ એવા આવી મળ્યા હતા, કે સુબોધસુધા સીંચીને વૈષ્ણવોની ધર્મશ્રદ્ધાને પોષણ આપવાનો એ બંને ધર્મધુરંધર મહાપુરૂષોએ સમયોચિત પ્રયત્ન ન કીધો હોત, તો કદાચ પુષ્ટીમાર્ગની મહત્તા સુરક્ષીત ભાગ્યેજ રહી શકત. શ્રી ગોકુલાધીશજીનાં અન્ય બાળકો પણ તે વેળાથીજ સચેત થઇ યથાશક્તિ પોતાનો ધર્મ બજાવવાને પથે પડ્યાં હતાં.

મુંબઈમાં મહારાજ શ્રી દેવકીનંદનાચાર્ય કેટલોક વખત બીરાજ્યા, તે દરમ્યાન મદ્રાસ તરફથ તેઓશ્રીને ત્યાં પધારવા આગ્રહ પુર્વક આમંત્રણ થયું, તેથી તેઓ ત્યાં પધાર્યા; મદ્રાસમાં તેમના માનમાં અનેક સભાઓ ભરવામાં આવી હતી, અને તે પ્રત્યેક પ્રસંગે સંસ્કૃત શ્લોકોમાં તેઓશ્રીની સ્તુતિ અને સત્કારનાં કાવ્યો ગવાયાં હતાં; એજ પ્રવાસમાં તેમણે સાયનેલોર ખાતે બીજું લગ્ન કર્યું હતું.

ફરીથી લગ્ન કરવાનો મહારાજશ્રીનો વિચાર નહોતો, એમ આગળ કહેવામાં આવ્યું છે; એ બીજી વારના લગ્નની વેદીમાંથી તેમણે અગ્નિ લીધો, અને તેને ચાવત જાગવી રાખી સવાર સાંજ તેમાં હોમ કરતા હતા; વૈશ્વદેવ પણ એજ અગ્નિમાં થતો હતો. આ ઉપરથી સ્પષ્ટ દ્રષ્ટીગોચર થશે કે તેઓ બ્રહ્મ કર્મમાં ચુસ્ત હતા, અને યજ્ઞયાગાદિ પ્રત્યે સંપૂર્ણ શ્રદ્ધા ધરાવતા હતા; કર્મ ઉપાસનાને તેઓ પ્રાધાન્ય

ગણુતા હતા. દરપૂર્ણિમા અને અમાવાસ્યાનો ઇષ્ટી હોમ કરવા વખતે ધર્મ પત્નિને પ્રસીદ્ધ રીતે પોતાની સાથે બેસાડતા હત, અને પડદાનો ત્યાગ કરી પ્રાચિનરૂષી—મુનિઓની માફાક શીષ્ય વર્ગને સન્મેડે દર્શન આપતા હતા. વૈષ્ણુવ મહારાજો સર્વ વહુજી મહારાજોને પડદામાં રાખે છે, તેઓ મહારાજ શ્રી દેવકીનદનાચાર્યે ત્યાગ કરાવેલી પડદાની પદ્ધતિથી ઉશ્કેરાઈ ગયા, અને વિરૂદ્ધ થયા, પણ મહારાજ શ્રીએ શાસ્ત્રાધાર તથા ઇતિહાસીક દ્રષ્ટાન્તોથી તેમના મનનું શાન્તવન કર્યું, અને પ્રતિપાદન કરી આપ્યું, કે પડદો સામાન્ય વર્ગની સ્ત્રીઓ ભલે રાખે, બાકી આચાર્યપત્નિને માટે તો યોગ્યજ ન લેખાય.

મુંબઇથી તેઓ પોતાની અસલ ગાદીના સ્થાન કામવનમા પધાર્યા હતા, ત્યાં રહ્યા તે દરમ્યાનના તેમના ઉપદેશથી ભરતપુરના સદગત મહારાજા યશવંતસીંહજીએ પોતાના રાજ્યમાં એક સુંદર મંદીર બંધાવ્યું છે, અને તેના ખર્ચની વ્યવસ્થાની યોજના સાથે તે માહારાજશ્રીને અર્પણ કર્યું હતું.

પ્રારબ્ધ યોગે મહારાજશ્રીનાં બીજી વખતનાં વહુજી પણ વૈકુંઠવાસી થયાં, એ વખતે તો ત્રીજું લગ્ન નહીં કરવાનો નિશ્ચયજ હતો, પણ વૈષ્ણુવોનો અત્યાગ્રહ અને અગ્નિહોત્રાદિ વૈદિકકર્મમાં પત્નિની આવશ્યકતા હોવાથી તેઓશ્રીએ ત્રીજું

લગ્ન કર્યું હતું. એ ત્રીજાં વહુજી મહારાજ હયાત છે, અને ભાવિ યોગે તેમને વૈધવ્ય વશ થવાનું બન્યું છે.

મહારાજશ્રીની શારીરીક સ્થિતિ જેમ સારી હતી, તેમ છેવટ લગી માનસીક સ્થિતિ પણ બરાબર સુરક્ષીત રહી હતી. ત્રણ માસથી તેઓ વ્યાધીગ્રસ્ત હતા, અને એ વ્યાધી તેઓશ્રીના દેહોત્સર્ગનો નિમીત્ત થયો છે.

કેટલાક વર્ષો ઉપર મહારાજશ્રી વનયાત્રા કરવાને પધાર્યા હતા, જે વેળા મુંબઇના કેટલાક આગેવાન શેઠીઆઓ તેઓશ્રીની સાથે હતા. વ્રજની મનોહર ભૂમિમાં ૮૪ કોસનું પરિક્રમણ એ વનયાત્રામાં થાય છે, અને થોડે થોડે અંતરે મુકામ કરી એ પરીક્રમણ પૂર્ણ કરવામાં આવે છે. તેઓશ્રીની સાથે પરીક્રમણમાં વૈષ્ણવોનો એટલો મોટો સમુહ જોડાયો હતો, કે પ્રવાસમાં સખત કોલેરા ફાટી નીકળ્યો, અને તેથી તેઓશ્રીને વનયાત્રા વીખેરી નાખવાની જરૂર પડી હતી.

મુંબઇમાં મહારાજશ્રીએ પોતાના લાલ બાવાનાં લગ્ન ભારે ધામધુમ અને ઠાઠમાઠથી કર્યા હતાં, અને એ માંગલિક મહોત્સવમાં દેશવિદેશના અનેક વૈષ્ણવોએ ભાવથી ભાગ લીધો હતો.

મહારાજશ્રી દેવકીનંદનાચાર્ય હમેશાં સવારે ત્રણ વાગે ઉઠતા, અરધો કલાક ઇશ્વરસ્મર્ણ કરી તે પછી શૌચાદિ કર્મથી પરવારી સ્નાન કરી સેવામાં દાખલ થતા હતા, અને

શ્રી ઠાકોરજીની સમક્ષજ દાન કરતા, અને સૂર્યોદય વખતે હોમ કરી પછી શ્રીમદ્દ ભાગવત વગેરે જુના હસ્ત લીખીત પુસ્તકનો પાઠ કરતા હતા; દીવસમાં એકજ વખત ભોજન કરવાનો તેઓશ્રીએ નિયમ રાખ્યો હતો. રાતના પણ દસ વાગ્યા લગી ધર્મ ગ્રંથોનું મનન કરતા હતા, અને દીવસનો કેટલોક ભાગ ધર્મ ચર્ચામાં ગાળતા હતા.

ભારત ધર્મ મહામંડળમાં તેઓશ્રીએ આગેવાની ભર્યો ભાગ લીધો હતો, તેમજ તે મંડળના તેઓ એક સંરક્ષક હતા. પોતાના હમેશના કર્તવ્ય કર્મો ઉપર તેઓશ્રીને સંપૂર્ણ શ્રદ્ધા હતી, હમેશાં તે પોતાનું નિત્ય કર્મ કર્યા વગર રહેતા નહીં.

કેટલાક ચાલુ જમાનાના વોહમાં ખેંચાઇ સ્વધર્મરક્ષાની સ્પૃહા રાખતા નથી, અને કેટલાકના મનોબળની ખીલી શરમા શરમીથી ઢીલી પડી જાય છે, અને સામો દોરે, તેમ દોરાય છે. મહારાજ શ્રી દેવકીનંદનાચાર્યનું મનોબળ એવું અદ્રઢ નહોતું, તેથી તેઓ કોઇની સેહ–શરમથી અંજાતા નહી–દોરાતા નહીં, પણ પોતાનો નિશ્ચય સર્વદા–સર્વથા ટકાવી રાખતા હતા. એક વખત ભરતપુરના મહારાજાએ પોતાની સાથે તેમને જગન્નાથપુરી તેડી જવાનો આગ્રહ કર્યો હતો, મહારાજાએ પોતાને તથા તેઓશ્રીને માટે સ્ટીમર 'નીવાસા' ને રોકી હતી, પણ પોતાની રોજની ધર્મ

ક્રીયા કરવાને તેમાં જોઇએ તેવી વ્યવસ્થા ન હોવાથી તેમણે રાજાજી સાથે સ્વાને થવાને ચોખી ના કહી હતી, અને જ્યારે રાજા સાહેબે સઘળી ગોઠવણ કરાવી, ત્યારેજ પાછળથી પધાર્યા હતા.

પોતાના વચનનું અને ધર્મનું પ્રતિપાદન કરવામાં ગમે તો કોઇમોટો માણસ હોય, કે મહાન લાભનો સંભવ હોય, છતાંતેની તમા કરતા નહીં, પોતાના વચનને મજબુતીથી વળગી રહેતા. એક વાર ભાવનગરના મર્હુમ મહારાજા સર. તખ્તસીંહજીએ મહારાજશ્રીને એક દીવસ વધારે રોકાવાને અત્યાગ્રહ કર્યો હતો, પણ એક બીજા વૈષ્ણવ સાથે પોતે બંધાએલા હોવાથી તેઓ શ્રી પોતાનું વચન પાળવાને ઉપડી ગયા હતા. એક વાર તેઓશ્રીના સન્મુખ મહારાજા શ્રી તખ્તસીંહજીએ એક ધાર્મિક સવાલ રજુ કર્યો હતો, અને તેનો નિર્ણય મહારાજા સાહેબની ઇચ્છાને અનુસરતોજ થશે, એમ સૌ કોઇએ વકી રાખી હતી, પણ નિર્ણય એવો આપ્યો, કે તેઓશ્રીની નિસ્પૃહતા, દ્રઢતા ઇત્યાદિ જોઇ સર્વ કોઇ છક થઇ ગયા. મહારાજા સાહેબ પોતે બહુ સમજુ હતા; તેથી થએલો નિર્ણય પોતાની ઇચ્છાથી પ્રતિકુલ રીતનો હતો એ નિર્ણયથી તેમની મુરાદ નિષ્ફળ જવા જેવું બન્યું, છતાં મહારાજ શ્રીની નિશ્ચલતા–નિર્લોભિપણું નિહાળી મુલ્યવાન પન્નાનો હાર અને અન્ય આભુષણો ભેટ ધરીને

સઃપ્રેમ યોગ્ય સત્કાર કર્યો હતો. અને મહારાજશ્રોએ આ-પેલા સુબોધની તેઓ નામદારના મન ઉપર બહુ સારી અસર થઇ હતી.

મહારાજશ્રી દેવકીનંદનાચાર્ય ઉપર તેમના ઘરનાજ સેવકોની શ્રદ્ધા હતી એમ નહીં, પણ સઘળા વૈષ્ણુવોની, અરે ! સઘળા હિંદુઓની બલકે પારસી, મુસલમાન, શીખ આદી સર્વની પુજ્ય ભાવનાઃ યાને ભક્તી-ભાવ હતો. એક વાર ખંભાતના ખુદાવિંદ નવાબ સાહેબે મહારાજશ્રીને મળવાની અભિલાષા દેખાડી હતી, મહારાજશ્રીનું મુકામ નવાબ સાહેબની મુલાકાત લેવા માટેની અનુકુળતાવાળું ન-હતું, તેથી તેઓશ્રીએ રાજભૂવનમાં નવાબ સાહેબ સમક્ષ પધારવાને તસ્દી લીધી હતી, નવાબ સાહેબ વિદ્વાન હોવા થી મહારાજશ્રીને યથેચ્છ આવકાર આપ્યો હતો, અને પ્રશ્ન કર્યો કે " દુનિયામાં દરેક લોક પોતાના મતની પ્રશંસા કરે છે, પણ તમારા વિચારમાં કયો મત સારો છે ?" મહારાજ-શ્રીએ ઉત્તર આપ્યો કે " સૌનો બનાવનાર ઇશ્વર એકજ છે, પછી ભલે તેને જૂદા જૂદા સ્વરૂપે-જૂદા જૂદા નામે જોવા-ઓળખવામાં આવે. ગાયના ચારે સ્તનમાંથી સરખુ દુધ નિકળે છે, ફ્કત અધીકારી ભેદ છે." આ સિવાય ધર્મ સબંધી ઘણી ચર્ચા ચાલી હતી, અને તેમાં મહારાજશ્રીના ન્યાય અને યુકતી યુકત ખુલાસાથી નવાબ સાહેબ ખુશી થયા હતા.

હીંદુ ધર્મના આચાર્ય મુસલમાનોને ત્યાં પધારવામાં પ્રતીબંધ માને છે, પણ મહારાજશ્રી દેવકીનંદન ભકતી ભાવથી આવકાર આપનારને ત્યાં જવામાં બાધ ગણતા નહોતા. એક વખત પ્રભાસપાટણ મહારાજશ્રી પધાર્યા હતા, ત્યારે રસ્તામાં એક આરબે પોતાને ત્યાં પધારવા વીનંતી કરી હતી, મહારાજશ્રીની સાથે તે વેળાએ જુનાગઢના દીવાનના ભાઇ હતા, તેમણે આરબને ત્યાં મહારાજ પધારે, એ યોગ્ય નહીં, એવો વીચાર બતાવ્યો હતો. પણ મહારાજશ્રીએ આરબને ત્યાં પધરામણી કરી હતી. આચાર્યનું સત્ય કર્તવ્ય તો એજ છે, કે કોઇપણ પ્રકારની ખેંચતાણ કર્યા વગર સર્વ પ્રત્યે સમાન ભાવ રાખવો. આ વિચારથી મહારાજશ્રી પરધર્મિઓમાં પણ બહુજ પ્રીતિ પાત્ર થયા હતા, બલકે પુજાયા હતા. નવસારીના પારસીઓએતો તેઓશ્રીને માનપત્ર આપ્યું હતું.

મહારાજશ્રી સમાન ભાવનાથી પરધર્મિઓમાં વિશ્વાસનિય થઇ પડયા હતા, ભરતપુરમાં હીંદુ–મુસલમાન વચ્ચે થયેલા વિગ્રહનો નિવેડો મહારાજશ્રીએ કર્યો હતો, અને તેમાં બંને પક્ષો સંતોષ પામ્યા હતા.

મહારાજશ્રી પોતે વિદ્યાવિલાસી અને પંડિતોના પોષક હતા; તેઓશ્રીની સહાયતાથી શ્રી મહાપ્રભુજીએ સુબોધીનીજીનામના ગ્રંથની ટીકા કરેલી છે, તે ગ્રંથ તેમના તરફથી અર્થ

તથા ટીકા સાથે પ્રસિદ્ધ થયો છે. 'શ્રુત્યર્થસાર" નામનો વેદાન્ત ગ્રંથ વૃજભાષામાં બીકાનેર વાળા પંડીત કનૈયાલાલ પાસે તેઓશ્રીએ લખાવી તૈયાર કરાવ્યો છે. મુંબાઇના સુપ્રસિદ્ધ શેઠ શ્રીયુત ખીમજી કુંવરજી તરફથી પ્રગટ થતું 'સુબોધીનીજી' નામનું માસીક પણ મહારાજશ્રીની સુચનાથી પ્રસીદ્ધ થવા માંડયું હતું. વળી "વલ્લભદિગ્વીજય" નામનો ગ્રંથ તેઓશ્રીના તરફથી પ્રગટ કરવામાં આવ્યો હતો. આ જીવન ચરિત્રના લેખકે "શ્રી પાંચાળી ચરિત્ર અને ચીર પૂર્તિ"નું ધર્મ-નીતિ અને ભક્તિ યુક્ત પુસ્તક હમણાં પ્રસિદ્ધ કર્યું છે, એ પુસ્તક પ્રસિદ્ધીમાં મુકવાની સહાનભૂતિ પણ તેઓશ્રીએ આપી હતી, અને સમાજમાં આવાં સુબોધક પુસ્તકોની સાંપ્રત સમયે આવશ્યકતા છે, તેમાં ખાસ કરીને સ્ત્રી વર્ગના વાંચનને વાસ્તે ઉક્ત પુસ્તકની ઉપયોગિતા તેઓશ્રીએ સ્વીકારી તે વીશે ઘટતો આશ્રય આપવા-અપાવવાને ઇચ્છા દર્શાવી હતી.

ભારત ધર્મ મહા મંડળની સભાજે મોટી હવેલી વાળા કવિરત્નાકર પંડિતજી શ્રીયુત બળભદ્રજીએ સ્થાપી હતી; એ સભા ત્રણ વર્ષ લગી નિયમીત મુંબઇમાં પોતાની ચંદન વાડીમાં તેઓશ્રીએ બોલાવી હતી.

પંડિત દીનદયાળ શર્મા અને બીજા પંડિતોને પ્રવાસમાં પોતાની સાથે રાખી વૈષ્ણવોને તેમ અન્ય ધર્મવાળા-

ઓને ઉત્તમ વ્યખ્યાનોદ્વારે બોધ આપાવતા હતા. તેમના આ સુપ્રયાસ પરત્વે નવસારીની પારસી પ્રજા ઉપરાંત અમદાવાદ અને નસીરાબાદની જાહેર પ્રજાએ તેઓશ્રીને માનપત્રો નીવેદન કર્યાં હતાં.

મહારાજશ્રીને હીંદુસ્તાની, ગુજરાતી, મરાઠી તેલંગુ, કેનેડી અને બીજી ઘણી ભાષાઓનું જ્ઞાન હતું.

મહારાજશ્રી પોતે નિયમિત કામ કરનારા હતા, અને તેમની ઉત્કૃષ્ટ રીતી નીતિથી સુધારક પક્ષવાળા, તેમ અંગ્રેજો અને હીંદુ—મુસલમાન રાજ્યકર્તાઓ તેમના પ્રત્યે બહુ સારૂં માન ધરાવતા હતા, અને તેમના દ્વારે જાહેર વ્યાખ્યાનો અપાવવાને ચ્હાતા હતા. તેઓ હમેશાં મહાભારત—રામાયણ ભગવદગીતા, અનુભાષ્ય અને બીજા સાંપ્રદાયિક ગ્રંથો વાંચવામાં ચારથી પાંચ કલાક ગાળતા હતા.

મહારાજશ્રીએ બદ્રીકાશ્રમ, જગદીશ, દ્વારિકાં, શ્વેતબંધુ રામેશ્વર અને ટુંકામાં હીંદુસ્તાનનાં ઘણા મોટા ભાગની મુસાફરી કીધી હતી. તેમાં કાશી ખાતે વિદ્વાનોએ તેમના માનમાં સભા કરી તેઓશ્રીની વિદ્વત્તાનું યશોગાન કર્યું હતું. પ્રવાસમાં આ લેખકના પીતા વીશેષે કરી તેમની સેવામાં હતા, તેઓ મહારાજશ્રીની ઉત્તમ ક્ષમાવૃત્તિ, પોતાના નાનામાં નાના પ્રકારના અનુચર (દાસ) ની સંભાળ લેવાની અને સર્વને સંતુષ્ટ રાખવાની પદ્ધતિનાં હમેશાં વખાણ કરતા

હતા. એકંદરે મહારાજશ્રીનું ચરિત્ર પવિત્રતાથી પ્રપૂર્ણ અને પ્રત્યેક ધર્માચાર્યોએ અવશ્ય અનુકરણ કરવા જેવું ઉજ્વળ—ઉત્કૃષ્ટ છે, એટલુંજ નહીં પણ ધર્મોન્નતિ આવા આચાર્યોથીજ થઇ શકે, એમ કહ્યા વગર ચાલતું નથી.

મહારાજશ્રીને એક લાલબાવા શ્રી વલ્લભાચાર્ય હાલ ઓગણીશ વર્ષના વયના છે, તેઓએ ધર્મશાસ્ત્રનું યથેચ્છ શીક્ષણ લીધું છે, વિદ્યાવિભૂતિથી વિભૂષીત છે, સંસ્કારી પિતાના લાલબાવા હોઈ તેઓ પોતાના પિતાની પેઠે ધર્મોન્નતિના કાર્યમાં દ્રઢ રહી એવા પુરૂષાર્થમાં પ્રવૃત્ત રહેશે, કે જેથી પુષ્ટીમાર્ગિય સંપ્રદાયીઓજ નહીં, પણ સકળ ભારત પ્રજાનાં અંતર આનંદ અનુભવશે.

મહારાજશ્રીની તબીયત લગભગ ત્રણ ચાર માસથી બીમાર હતી. મુંબઈ, દેવલાલી, અમદાવાદ ઈત્યાદી સ્થળે હવાફેર અને ઔષધોપચાર કીધા છતાં આરામ નજ થયો, છેવટ તેઓ મથુરાં પધાર્યા. કાલીંદીને કાંઠે આવેલી એ પવિત્ર અને પ્રાચિન પૂરીમાં પહોંચ્યા પછી તેઓશ્રીએ આ ક્ષણભંગુર દેહનો ત્યાગ કરી ગોલોકમાં નિવાસ કીધો છે. જે પવિત્ર પુરીમાં શ્રીકૃષ્ણચંદ્રે જન્મ લીધો હતો, જે પતિત પાવની અધમઉદ્ધારણી મહારાણી યમૂનાનો ઘાટ શ્રી કૃષ્ણચંદ્રને અતિ પ્રિય હતો, એજ સ્થાન અવસાન કાળે કોણ ન રછે ? ઇચ્છાનૂસાર એજ સ્થાને પહોંચી શ્રી દેવકીનંદન

મહારાજનો આત્મા અનેક ભાવિક ભકતોના સમૂહ વચ્ચેથી શ્રી કૃષ્ણચંદ્રના અક્ષય ધામમાં વિરામ્યો છે. જેઓ અનેકનું કલ્યાણ કરનારા હતા, જેમણે અનેકનું કલ્યાણ કર્યું છે, તેમના ગોલોક વાસ પરત્વે શું કથવું? માત્ર આપણે તો એ સદ્દગુરૂનાં ચર્ણકમળમાં ચિત્ત રાખી જય જયનો ઘોષ ગજાવી વિરહવ્યથાથી વ્યથીત થતા સંતપ્ત મનને શાન્તી પમાડવાનો પ્રયત્ન કરવો, અને તેઓશ્રી ગોલોકમાંથી પ્રેમ-સુધા સીંચી સર્વદા પોષણ આપતા રહે એમ ઇચ્છવું, એજ આપણું કર્તવ્ય છે.

શાંતિઃ શાંતિ શાંતિઃ

શોકોદ્ગાર.

~~~~~~~~

દોહરા.

ગોવિન્દાત્મજ ગુણનીધિ, દેવકીનંદન નાથ;
લીલા વિસ્તારી પ્રભુ, કીધા આજ અનાથ. ૧
વિચર્યા ગુરૂ વૈકુંઠમાં, તજી આ ભરત પ્રદેશ;
અશુભ સાંભળી સૌ સ્થળે, વ્યાપ્યો શોક વિશેષ. ૨
માનવી મન દ્રવતું દીસે, નયન નિગાળે નીર;
હા ! હા ! રે ! રે ! શું થયું, રહે ન લગિરે ધીર. ૩
તારક–ઉદ્ધારક ગુરૂ, દેવકીનંદન એક;
વલ્લભ કુળદિપક હતા, વારિધિ પૂર્ણ વિવેક. ૪
કરૂણાના સાગર ખરા, વિદ્યાના ભંડાર;
વિચરતાં વૈકુંઠમાં, વાગ્યો વિર્હ કુઠાર. ૫
દેશ અને પરદેશમાં, પહોંચ્યો જ્યાં પેગામ;
રૂદન કરે નર નારિયોં, ઘર ઘર ગામો ગામ. ૬
દર્શનથી દુખ દુર થતું, મળતો સદ્ય સુબોધ;
દુર્લભ એ સૌ થઇ પડયું, વીધિએ કર્યો વિરોધ. ૭
પ્રેમ મૂર્ત્તિ એ પ્રભુ તણી, આજે થઈ અલોપ;
અરે ! થયો કાં અમ પરે, ક્રૂર કાળનો કોપ. ૮
કર કંપે ધ્રૂજે વપુ, કલમ ઉપડે કેમ ?
~~~~~~~~

હૃદય ભરાતું હર ઘડિ, ઉભરાતો અતી પ્રેમ. ૯
શ્રદ્ધા—ભક્તિ છે છતાં, મુખથી નહીં વદાય;
અર્પું અંજળી કયમ કરી, મનને શાન્તિ થાય. ૧૦
ગાંડા ઘેલા શબ્દમાં, નિકળે શોકોદ્‌ગાર;
મોતી મુખથી ઉચરે, સૂણજો પ્રેમ પુકાર. ૧૧

રાસડો.

(રાગ કાચબા કાચબીના ભજનનો.)

અરે ! પ્રભુ આ શું કીધું રે, કારી ઘાએ કાળજ વીંધ્યું રે. ટેક.
ભક્ત વત્સલ ગુરૂ દેવકીનંદન, વૈકુંઠે કીધો વાસ;
દયાના સાગર ધર્મ ધુરંધર, કરતા વિદ્યાનો વિલાસ,
તજી સંસારની માયા, હરિ ચરણ ચિત્તમાં ચાહ્યા રે, અરે પ્રભુ. ૧
વેદ સનાતન ધર્મનો ઝુંડો, પકડી શ્રી ગુરૂહાથ;
ઉદ્ધાર કીધો અત્રની તલસાં, ભીડિ અનેકથી બાથ,
પંડિતોને પોષ્યા પ્રિત્યે, સ્વધર્મથી રૂડી રિત્યે રે. અરે પ્રભુ. ૨
વૈમનસ્ય વિદાય કર્યુંને, રાગ દ્વેષ રાખ્યો દૂર;
સમાન વૃત્તી સૌપર રાખી, દયા ક્ષમા ભરપુર,
ખિલાવી ખાંતથી વાડી, સુફળ સાંપડશે અગાડી રે. અરે પ્રભુ. ૩
તિર્થાટન કરી દેશ વિદેશો, વિચર્યા વારંવાર,
સુબોધ સુધા સીંચિને સૌને, આનંદ આપ્યો અપાર;
પુષ્ટીનો ડંકો દીધો, વિજય આ જગમાં કીધો રે. અરે પ્રભુ. ૪
ગોકુલ ચંદ્રમાની ગાદી દિપાવિ, પામિને પૂર્ણ પ્રકાશ,

વલ્લભ કુળની ધર્મ પતાકા, ઉડી રહી ચોપાસ;
ભેદભાવ લેશ ન રાખ્યો, ભજે પરધર્મિ લાખોરે. અરે પ્રભુ. ૫

વૈદિક ધર્મ સર્વોત્તમ સૃષ્ટીમાં, પુષ્ટિ માર્ગ તેમાં એક,
ધર્મ–કર્મથી દ્રષ્ટે દેખાડયું, વાપરી જ્ઞાન વિવેક;
અધર્મ–અનીતિ તજાવી, કૃતિ મતિ સૌને ભાવીરે, અરે પ્રભુ. ૬

જ્ઞાન આભૂષણ અંગે ધરીને, દક્ષનો લીધો પક્ષ,
રસનાથી અમૃત વર્ષાવ્યું, રાખ્યું સ્વધર્મમાં લક્ષ;
જુઓ જન જાય છે વારી, હવે અશ્રુ પાડે સંભારીરે. અરે પ્રભુ. ૭

વ્યાખ્યાન રૂડાં આપી–અપાવી, કીધા વૈષ્ણવને સચેત,
અધોગતિ થાતાં અટકાવ્યા. ધરી–હૃદયમાં હેત,
કર્ત્તવ્ય હતું તે બતાવ્યું, જ્ઞાનામૃત પ્રેમથી પાયુંરે. અરે પ્રભુ. ૮

ડોળ દમામથી દૂર રહીને, સર્વને આપ્યો સુબોધ,
હિત કર આપ હમેશ રહ્યા છો, કદી ન દીઠો ક્રોધ,
આચાર્ય અનૂપમ કા'વ્યા, અહા! જનમનમાં ભાવ્યારે. અરે પ્રભુ. ૯

ઝગડા–રગડા ગોઠે ન ઘટમાં, સૌપર સરખો પ્રેમ,
પ્રેમ ભક્તિનું પારખુ કરિને, પ્રત્યેકનું ઇચ્છયું ક્ષેમ;
ગણ્યાનન્યુનાધિક કોઇ, નીતિ નિર્મળ નિત્ય જોઇરે. અરે પ્રભુ. ૧૦

હિંદુ પારસી વા ઇસલામી, હોય જૈન કે શીખ.
ભેદભાવ અંતરમાં ન આણ્યો, કિંચિત નહિ કીલમિષ,
ખરી ખુબિ વાપરી ખાસી, બન્યાં નર નારી ઉદાસીરે. અરે પ્રભુ. ૧૧

લંકા થકી લાહોર લગીને, દ્વારિકાંથી જગદીશ,
ભારત વર્ષમાં પુર્ણ પુજાયા, સર્વે નમાવ્યાં શીશ;
ગોવિંદ્દમજ પ્રભુ નીખિં, જાતાં સૌજન [illegible]રે, અરે પ્રભુ. ૧૨

લીલા વિસ્તારિ વૈકુંઠે વસિયા, સાંભળી એ સમાચાર,
રૂદન કરીને નરનારી કહે છે, શુન્ય પડયો સંસાર;
શોક વ્યાપ્યો સૌ સ્થાને, 'આભતુટયો' જન જાણેરે. અરે પ્રભુ. ૧૩
મોહમયિને રાજનગર વળી, સુરત આદી શહેર,
હડતાલ ગામે ગામ પડી જુઓ, વિલપે જનો ઘેર ઘેર,
ગુરૂ થયા વૈકુંઠ વાસી, દીસે સૌ દુનિયાં ઉદાસીરે. અરે પ્રભુ. ૧૪
પશુ પક્ષી આદિ પ્રાણિઓ સર્વે, કાઢે શોકોદ્ગાર,
સુર્ય પ્રભા પણ ઝાંખી દીસે છે, ઝાંખો સૌ સંસાર,
થયો અસ્ત વલ્લભભાનું, રહે કયમ લગિરે છાનુંરે. અરે પ્રભુ. ૧૫
વૃક્ષ તળે કદી પ્રભુએ વિસામો, લીધો હશે પળવાર,
અનિષ્ટ જાણીને જડ છે તોપણ, કલ્પાન્ત કરશે અપાર;
ખિલેલું કરમાઈ જાશે, શોકાગ્નિથીજ સીઝાશેરે. અરે પ્રભુ. ૧૬
નાવ ડુબે જયમ ઉદધિ વચ્ચે, કરતા જન કલ્પાન્ત,
ભક્ત જનોની દશા દિસે છે, રે! રે! જુઓ સૌ પ્રાંત;
પ્રભુ ગયા વૈકુંઠ ચાલી, માયા માની ખોટી ખાલિરે. અરે પ્રભુ. ૧૭
પરમાત્માને ખોટ પડીશું, પધરાવ્યા પોતાની પાસ,
સલાહ લેવાને સ્નેહથી તેડયા, જાણી પોતાના ખાસ;
પડી ખોટ જગમાં ભારી, પ્રભુ તણી છે ગતિ ન્યારીરે. અરે પ્રભુ. ૧૮
હડહડતો કળિકાળ છે તેમાં, કલ્પ વૃક્ષ હતું એક,
છેહ દેવાને છીનાવી લીધું, વાપર્યો આ શું વિવેક;
તાપ અમાપ વધાર્યો, મનોરથ માઠો ધાર્યોરે. અરે પ્રભુ. ૧૯
પાપના પોરામાં શાન્તનું સ્થાનક, સદ્ગુરૂ એક ગણાય,

દેવકીનંદન વૈકુંઠે જાતાં, અંતર હાય ! ભેદાય;
ચિંન્તા જન મનમાં મોટી, અરેરે! આજથી ચોટીરે. અરે પ્રભુ. ૨૦
કામદુધા સેવવાથી મનના, પૂર્ણ થાયે અભિલાષ,
એજ રૂપે હતા દેવકીનંદન, હતું ન કોઈ નિરાશ;
કરે અપકાર કદાપી, કરે ઉપકાર તથાપીરે. અરે પ્રભુ. ૨૧
વદનેન્દુથી સુધા વરસતું, ટળતા તેથી ત્રીતાપ,
ઝાંખી પ્રભુ હવે કયાં મળવાની, એ સંતાપ અમાપ,
શાન્તિને સુખના દાતા, નથી નજરે દેખાતારે. અરે પ્રભુ. ૨૨
સર્વે ભલે પણ ગુરૂરૂપી નૌકા, તારક જગમાં એક,
ઉદ્ધારક પણ એજ ખરેખર, તેથી ટકેછે ટેક;
અરેરે ! એ ગુરૂ જાતાં, દુઃખી દીન સૌ દેખાતારે. અરે પ્રભુ. ૨૩
છબી છબીલી કયાંથી નીરખશું, સાધુત્વથી ભરપૂર,
વાણી સુશાણી મધુર મનોહર, સાંભળી ઠરતું ઉર;
લાભ એ લુંટી લીધો. દગો ક્રુર કાળે દીધોરે. અરે પ્રભુ. ૨૪
કૃપાનાથ કાળના કાળ તોયે, ચાલી શકી કયમ ચોટ,
લીલા પ્રભુની અકળિત એ છે. સમજે નહિ જન ભોટ;
ખરી ખુબી જાણે જ્ઞાની, માને નહિ મિથ્યાભિમાનીરે. અરે પ્રભુ. ૨૫
મનુષ્ય દેહે જન્મ ધરેલો, પણ એ પ્રભુના અંશ,
પ્રભુત્વ પૂર્ણ પ્રકાશ કરીને, લીધો ગોલોકનો પંથ;
ઠર્યા ગુરૂ સ્થિર ઠામે, અખંડા નંદના ધામેરે, અરે પ્રભુ. ૨૬
સ્વારથી નહોતા તોપણ સ્વારથ, સાધી લીધો. કેમ ?
દયા સીંધુ નિજજનને તજતાં, કયમ તજી દીધો પ્રેમ;
ભક્તિમાં ભુલ શું દીઠી, કરી કડવી કાં મીઠીરે, અરે પ્રભુ. ૨૭

કરૂણાના કુપ હતા એ કૃપા નીધિ, ભક્તિના ભુખ્યાનાથ,
દિન ભકતોનો સદ્‌ગુરૂ શાને, તરછોડિ નાખ્યો હાથ;
ઘટયું કયમ ઘટમાં આવું, ઘટે નહિ આવું થાવુંરે, અરે પ્રભુ. ૨૮

દોષ છતાં પણ રોષ ન ધરતો, એવો સરળ સ્વભાવ,
ગુણિયલ ગુરૂ ગરવાજન જાણે, આણ્યો કેમ અભાવ;
કર્યું શું આવું આપે, અરેરે! કેવાં પાપેરે, અરે પ્રભુ. ૨૯

પાપ પ્રલાપ અરે! કયમ પીડે, સ્હાતાં સદ્‌ગુરૂ શર્ણું
શર્ણાગત પ્રભુ આપ તણા અમે, વિનતી ન ધારી કર્ણ;,
વેગે કર્યું વૈકુંઠ વ્હાલું, હૃદય કયાં કરવું ઠાલુંરે, અરે પ્રભુ. ૩૦

ભાટીયા ભાવિક મુમ્બાપુરીના, ભાવથી ભજતા નાથ,
શોક સમુદ્રમાં ડુબતા દેખું, રે! રે! જણાતા અનાથ;
ચંદા વાડી સુની લાગે, જોતાં મન ભડકી ભાગેરે. અરે પ્રભુ. ૩૧

પ્રાગજી સુરજી શેઠ અને વળિ, કાનજી ખટાઉ ખાસ;
સેવા કરી સદા શ્રેય સાંધ્યું છે, પૂર્ણ હતો વિશ્વાસ,
લીલાથી ઢીલા પડતા, ગુરૂ ગુણ સંભારી રડતારે, અરે પ્રભુ. ૩૨

મુળજી શેઠની ભક્તી ભારે, હરિજન હરિદાસ સુત,
ખામજી શેઠની અઢળક શ્રધ્ધા, કુંવરજી કેરા સપુત;
સદા સેવા સ્નેહથી કરતા, અરે! હવે આંસુ ભરતારે, અરે પ્રભુ. ૩૩

સુરતને વળી રાજનગરના, વૈષ્ણવો કરતા વિલાપ,
ચારૂત્તરમાં ચારે બાજુ, વ્યાપ્યો શોક અમાપ;
સુરત અઠ્ઠાવી માંહો, શોકવિણ ખાલીન કયાંઇરે, અરે પ્રભુ. ૩૪

પેટલાદના પરમ ભક્ત જન, સાંભળિ દુઃખ પેગામ,
શોકાર્ણવમાં સઘ ડુબ્યા તે, ભુલીમનનું ભાન;
તાન સદ્‌ગુરૂનું રાખી, સેવાના એ અભિલાષીરે, અરે પ્રભુ. ૩૫

નૌસારી ગણુદેવી આદી, સ્થળમાં સાંભળી વાત,
વીવેકી વૈષ્ણુવના મનમાં, જાણે થયો વજ્રઘાત;
પવન સમ ખબરો પહોચી, બન્યા જન સૌ અફસોસીરે અરે પ્રભુ. ૩૬

કાઠિયાવાડને કચ્છ વિષે વળી, સીંધ દક્ષિણુ પંજાબ,
ગુર્જર ભૂમિમાં ઘટઘટ વસેલાં, ગોકલેન્દુ ગુરૂ આપ;
તજી જતાં તે તરફડતા, પડઘા જ્યાં ત્યાં શોકના પડતારે.
અરે પ્રભુ. ૩૭

નોકર ચાકર મહેતા મુત્સદ્દી, વળિ વહુજી મહારાજ,
મંદીરના મુખીયાજી સર્વે, દર્શાવે દુ:ખ દાઝ,
આંસુડાં સર્વ નિગાળે, શોકાગ્નિથી અંતર બાળેરે. અરે પ્રભુ. ૩૮

લાલ બાવા લાખેણુા તથાપિ, બાવાની ખામી ખચિત,
ધર્મ સ્થંભ ધરણીમાં હતાએ, આકર્ષી લીધેલું ચિત્ત;
અરે ! કયમ એહ ભૂલાશે, દર્શન કયાં કયારે થાશેરે. અરે પ્રભુ. ૩૯

સંવત ઓગણી અગણોતેરનો, રે ! રે ! શ્રાવણુ માસ,
કૃષ્ણુ પક્ષની દ્વીતિયાને દીને, કીધો ગોલોકે વાસ,
પ્રભુ પોઢયા યમુનાની તીરે, ધ્યાન કૃષ્ણુનું ધીરે રે; અરે પ્રભુ. ૪૦

રે ! રે ! સૂણિ મન વીહવલ બનિયું, ઝરતું નયને નીર,
રે ! રે ! ગુરૂ દર્શન કયાં મળશે ? એથી બનીને અધીર;
મોતિ પ્રેમે અંજળિ આપે, તપેલું તન મન તાપેરે. અરે પ્રભુ. ૪૧

સમાપ્ત.

વ્યાસ પ્રણીત પુસ્તકો.

જુઓ ! જુઓ ! વ્હાલથી વાંચો !
ને પ્રેમથી વધાવો !

કુસુમ ગુચ્છ—શૃંગારની અનુપમ કવિતાઓનો આ ગ્રંથ રસજ્ઞ સ્ત્રી પુરૂષોને અતિ પ્રીય થઈ પડે તેવો છે.

કિંમત. ૦-૮-૦ પોષ્ટેજ જુદું.

પ્રેમ શતસહી—શ્રી કૃષ્ણ પરમાત્માની સ્તુતી યુકત પ્રેમ-ભકતીના ઉત્તમ દુહા જે વાંચવાથી જન મનને પ્રેમનું સત્ય સ્વરૂપ સમજાય છે અને આનંદ મળે છે.

કિંમત ૦-૮- પોષ્ટેજ જુદું.

રત્નહાર—આ ધર્મ-નીતી અને વ્હેવારને લગતાં સુત્રોનો સંગ્રહ અણમોલ છે. ઉકત પુસ્તકને માટે સર્વોત્તમ સાક્ષરોએ અને જાહેર વર્તમાનપત્રોએ ઉત્તમ અભીપ્રાય આપ્યો છે. એક સુત્રના સવાલાખ રૂ, પ્રતાપી ભોજ રાજા જેવા ભુપતીઓ આપતા હતા. તેમાં ૧૧૮૮ સુત્રોનો સંગ્રહ (૧૧ સરોનોહાર) માત્ર રૂ. ૧-૪-૦ સવામાં મળશે, પોષ્ટેજ જુદું.

રા'મંડળીક—જુનાગઢના છેલ્લા યદુવંશી રાજા મંડળીકની સુબોધક વાર્તા મુલ્ય રૂ. ૦-૪-૦ પોષ્ટેજ જુદું.

સોરઠનું સાહિત્ય—સૌરાષ્ટ્રમાં પ્રચલિત દુહા સોરઠા ૬૦ નો સંગ્રહ મુલ્ય રૂ. ૦-૮-૦ આઠ આના પોષ્ટેજ જુદું.

પુસ્તકો મળવાનું ઠેકાણું.

૧ મહીકાંઠા ગેઝેટ ઓફીસ અમદાવાદ.
૨ પંડીત નારાયણ મુળજી બુકસેલર.
કાલબાદેવી રોડ મુંબઈ.

તૈયાર છે ! તૈયાર છે ! તૈયાર છે !

અપૂર્વ લાભ.

શ્રી પાંચાળી ચરિત્ર

અને

ચીર પૂર્તિ.

ધર્મ-નીતિ અને ભક્તિયુક્ત આ પુસ્તક દરેક ધર્મનાં સ્ત્રી-પુરૂષોએ સર્વદા વાંચવા યોગ્ય છે. બાળાઓએ શ્રવણ, મનન અને અધ્યયન કરવા યોગ્ય છે. વળી તેમાં જુગાર-દ્યુત-દોષનું વાસ્તવિક વર્ણન છે. ટુંકામાં સાંપ્રત સમયે સમાજને જેવા વાંચનની જરૂર છે એ જરૂરીઆત યથેચ્છ રીતે આ પુસ્તક પુરી પાડે છે.

આ પુસ્તક ગોલોકવાસી મહારાજ શ્રી દેવકીનંદનાચાર્યજીને અર્પણ કરેલું છે, તેઓશ્રીની પવિત્ર ચિત્ર-પ્રતિમાથી યુકત છે. આવું દર્શનિય-સુબોધક યાને શ્રેયસ્કર પુસ્તક ખરીદ કરનારને તેના ન્યોછાવરનો રૂ. ૧-૪-૦ સવા રૂપીઓ સુમાર્ગે ગયો છે. આપેલા દ્રવ્યનો સદ્‌વ્યય થયો છે એમ અથઇતિ વાચી જોતાં પ્રત્યક્ષ પ્રતીતિ થશે, અભિલાષા છે કે સુજ્ઞ વાંચકો ઉકત પુસ્તકનો સાદર સ્વીકાર કરશે, અને અમને આશ્રય આપવાની ઔદાર્યતા દર્શાવશે.

પુસ્તક નિચેને ઠેકાણેથી અથવા મુંબઇ કાલબાદેવી રોડ પંડિત નારાયણ મુળજી બુકસેલરને ત્યાંથી રોકડી કીમતે મળશે

મહીકાંઠા ગેઝેટ ઓફીસ-અમદાવાદ.